રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુઓ માટે ઘાસ ચારાના વાવેતરની ખાતરી આપે તેવા અરજદારોને આઉટ ઓફ ટર્ન વીજ જોડાણો રીલીઝ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક સીએલએસ.-૨૦૧૨-૨૫૪૮-ક-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 22 AUG 2012

પ્રસ્તાવના:

ચાલુ વર્ષ ૨૦૧૨ દરમિયાન રાજ્યમાં અપૂરતા વરસાદને કારણે ઉભી થયેલ પાણી અને ઘાસચારાની અછત ની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ મંત્રીમંડળના સભ્યશ્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની પેટા સમિતિની બેઠક તારીખ ૦૭-૦૮-૨૦૧૨ના રોજ યોજવામાં આવેલ હતી.

આ બેઠકમાં રાજ્યમાં ઓછો વરસાદ, વરસાદની અનિયમિતતા , બાકી વાવેતર અને ઉભો પાક નાશ થવાની અને પશુઓ માટે ઘાસચારા સ્થિતીની સમીક્ષા હાથ ધરવામાં આવેલ હતી. રાજ્યમાં હાલમાં ઉભી થયેલી ઘાસચારાની સ્થિતીને પહોંચી વળવા માટે, અરજદારો કે જેમણે અગાઉ કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા અરજી કરેલ હોય અને તેઓ પશુઓ માટે ઘાસચારાના વાવેતરની ખાતરી આપે તો તેમને અગ્રીમતાના ધોરણે આઉટ ઓફ ટર્ન વીજ જોડાણ આપવાની બાબતે વિચારણા હાથ ધરવામાં આવેલ હતી.

**ઠરાવ:**

રાજ્યમાં અપૂરતા વરસાદને કારણે ઉભી થયેલ પાણી અને ઘાસચારાની અછતની સ્થિતિને પહોંચી વળવા અરજદારો કે જેમણે અગાઉ કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા અરજી કરેલ હોય અને તેઓ ઘાસ વાવેતરની ખાતરી આપે તો તેમને અગ્રીમતાના ધોરણે નીચે દર્શાવેલી શરતોએ કુલ ૧૫૦૦૦ વીજ જોડાણો અગ્રીમતાના ધોરણે (આઉટ ઓફ ટર્ન ) આપવાનું રાજ્ય સરકાર આથી ઠરાવે છે.

**શરતો:**

(૧) વીજ જોડાણ મેળવવા ઈચ્છતા અરજદારોએ સંબંધિત મામલતદાર તરફથી પશુઓ માટે ઘાસચારો ઉગાડવા અંગે મેળવેલ પ્રમાણપત્ર / સંમતિપત્ર રજુ કરવાનું રહેશે.

(૨) જે તાલુકા / વિસ્તારને મહેસૂલ વિભાગ દ્વારા અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે તેને પ્રાધાન્ય આપવા સહિત રાજ્યના કોઇ પણ વિસ્તારમાં અગ્રીમતાના ધોરણે (આઉટ ઓફ ટર્ન) કૃષિ વીજ જોડાણ આપવાના રહેશે.

(૩) કૃષિ વીજ જોડાણ મેળવવા માટે અગાઉ નોંધાયેલ હોય તેવા અરજદારોને અગ્રીમતાના ધોરણે વીજ જોડાણ આપવાનાં રહેશે.

(૪) આ રીતે અગ્રીમતાના ધોરણે આપવામાં આવનાર વીજ જોડાણો માટે, સામાન્ય કૃષિ વિષયક વીજ જોડાણ માટે લાગુ પાડવામાં આવતા વીજ દરો લાગુ પાડવાના રહેશે

(૫) વીજ જોડાણ મેળવવા માટે અરજદારની પોતાની જમીનમાં કૂવો હયાત હોવા અંગે તથા તેમાં પાણીનો પૂરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે તે અંગેનું સંબંધિત તલાટી કમ મંત્રીશ્રીનું પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે.

(૬) આપવામાં આવેલ વીજ જોડાણ ઘાસચારાના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે તે અંગે સંબંધિત મામલતદારએ ખાતરી કરવાની રહેશે.

(૭) આ પ્રકારે વીજ જોડાણ મેળવનાર લાભાર્થીએ ઉગાડેલ ઘાસચારો સરકારશ્રી ઠરાવે તેટલા જથ્થામાં અને ઠરાવે તે કિંમતે કલેક્ટરશ્રી અથવા મામલતદારને પૂરો પાડશે તેવી બાંહેધરી આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એફ.ગાંધર્વ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી (મહેસૂલ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
માન રા.ક.મંત્રીશ્રી (ઉર્જા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
રાહત કમિશ્નરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સંબંધિત જીલ્લા કલેકટરશ્રીઓ/ સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સંબંધિત મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારીઓ
મેનેજીંગ ડીરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
પસંદગી ફાઇલ